# પગ ધરતી પર, નજર અંતરિક્ષમાં

તંત્રીસ્થાનેથી...

ગુજરાત હવે દિલ્હીની છાતી પર ચઢી બેઠું છે. વડાપ્રધાન અને ગૃહપ્રધાન બેઉ ગુજરાતી હોય એવું પહેલી જ વાર બન્યું છે. મોરારજી દેસાઈ જેવા પ્રચંડ પુરુષ ઈંદિરા ગાંધી સામેના લોકજુવાળ પર સવાર થઈ દેશના સુકાની બન્યા ત્યારે એમના ગૃહપ્રધાન તરીકે વડાપ્રધાન પદના જ ઉમેદવાર ચૌધરી ચરણસિંહ હતા. અલબત્ત, ગુજરાત માટે 'મોદીયુગ' એ દૃષ્ટિએ ગૌરવની ઘટના જ ગણાવી જોઈએ. દિલ્હીના લુટિયન વિસ્તારમાં દરેક રાજયનાં પોતાપોતાનાં સરકારી ગેસ્ટ હાઉસ છે. કેટલાંક રાજયો પાસે બબ્બે ગેસ્ટ હાઉસ છે. ગુજરાતનું એક જ ગેસ્ટ હાઉસ હતું : ગુજરાત ભવન. પછી બન્યું નર્મદા ભવન. અને હવે ઉમેરાયું છે અકબર રોડ પર બનેલું આલીશાન બહુમાળી ગરવી ગુજરાત ભવન. આમ ગુજરાત ધીરે ધીરે દિલ્હી પર ધાક જમાવી રહ્યું છે. ગુજરાતી સમાજની શૃંખલામાં દિલ્હી ખાતે એક ગુજરાતી સમાજનું વિશાળ ગેસ્ટ હાઉસ પણ છે જ. દિલ્હીથી 'ગુજરાતીધારા' નામે એક ગુજરાતી સામયિક પણ વર્ષોથી પ્રકાશિત થાય છે. દિલ્હીના યમુના પાર વિકસેલા વસાહતી પ્રદેશમાં 'ગુજરાતવિહાર' નામે એક નામાંકિત વસાહત પણ છે. દિલ્હીની શ્રેષ્ઠ શાળાઓમાં ગુજરાતીઓ દ્વારા ચાલતી સરદાર પટેલ સ્કૂલ છે. એમ તો દિલ્હીમાં પટેલ ચોક પણ છે! ગાંધીનગર અને પટેલનગર પણ છે. ગાંધીનગર સ્થિત અક્ષરધામની સુધારેલી, સંવર્ધિત આવૃત્તિ જેવું અક્ષરધામ પણ છે. મોદીએ નવા ગુજરાતભવનના ઉદ્‌ઘાટન વખતે જે મુદ્દાની વાત કરી તે ગાંઠે બાંધી લેવા જેવી છે. એમણે કહ્યું કે મૂળિયાં સાથેનો અનુબંધ અકબંધ રાખીને આકાશ આંબવાનું છે ! પોતે મૂળિયાંથી કપાઈ નથી ગયા એની પ્રતીતિ વતન વડનગરના સાવ હાંસિયે નંખાઈ ગયેલા ભૂતકાળને બરાબર ઉજમાળો કરી દુનિયા સામે મૂકી આપીને આપી દીધી છે. વડનગર કયારેક જૂના ગુજરાતની રાજધાની હતું - 'દ્વાદશકોશી' નગર હતું, અર્થાત્ એનો ફેલાવો 'બાર કોસ' (કોસ એટલે બે ગાઉ - ગાઉ એટલે દોઢ માઈલ.) જેટલા લાંબા પંથકમાં હતો. વડનગરની પૌરાણિક નગરી તરીકેની ઓળખ તો વર્ષોથી સ્થાપિત થયેલ હતી. પરંતુ ગુજરાતના સુકાની બન્યા પછી નરેન્દ્ર મોદીએ એને સરખો ઘાટ આપ્યો. એ માત્ર સોલંકીયુગના હજારેક વર્ષ પહેલાંનાં ઈતિહાસનું જ સાક્ષી નથી; વડનગરમાં ચીની યાત્રી હ્યુએન સંગ પણ આવેલો. એણે નગરની પ્રશંસા કરતું લખાણ લખ્યું છે તે આજે પણ ઉપલબ્ધ છે. વડનગર બૌદ્ધકાળનું સાંસ્કૃતિક નગર છે. અહીં નરસિંહ મહેતાની ચોરી અને સિદ્ધરાજના શાસનકાળ વખતનું તોરણ છે એમ હવે એક નવી ઐતિહાસિક ઓળખ એમાં ઉમેરાઈ છે. કેન્દ્રીય મંત્રી પ્રહ્‌લાદ પટેલે હમણાં બાલ્યકાળની સ્મૃતિ જેવી ચાની કીટલી - દુકાનને એક ઐતિહાસિક ધરોહર તરીકે સાચવી લેવાનો આદેશ કર્યો. એને કાચની મઢીને જનતા સમક્ષ ખુલ્લી મુકાશે. ભવિષ્યની પ્રજાને ખબર પડશે કે આવા એક અંતરિયાળ વિસ્તારમાં સામાન્ય પરિવારમાં જન્મેલો માણસ સ્વપુરુષાર્થથી ભારતના વડાપ્રધાન પદે પહોંચ્યો હતો અને આઝાદી પછીના સમયગાળાના સૌથી જોખમી નિર્ણયો પૈકીનો એક જમ્મુ-કાશ્મીરનો વિશેષ દરજ્જો રદ કરવાનો નિર્ણય એ માણસે લીધો હતો. છપ્પનની છાતીવાળા આ નેતાએ દિલ્હીમાં જ નહીં સમગ્ર વિશ્વમાં અને હવે તો ચંદ્ર અને મંગળ પર વડનગર ઉતાર્યું છે ! ચંદ્રયાન-૨ અને મંગળયાન મોદીયુગની જ સિદ્ધિઓ લેખાશે. જેનો સંકલ્પ શુદ્ધ અને દૃઢ હોય એને બ્રહ્માંડની તમામ ચેતનાઓ સાથ આપે છે. મોદીએ એ પુરવાર કરી બતાવ્યું છે.

# રીમઝીમ કે તરાને લે કે આઈ બરસાત

૧ જિંદગીભર નહીં ભૂલેંગી વો બરસાત કી રાત
- બરસાત કી રાત

૨ રીમઝીમ ગીરે સાવન સુલગ સુલગ જાયે
- મંઝિલ

૩ મેઘા છાયે, આધી રાત બૈરન બન ગઈ નીંદિયા
- શર્મિલી

૪ ધનન... ધનન... ધન ગીર આયે બદરા
- લગાન



૫ હરિયાલા મૌસમ ઢોલ બજાતા આયા
- દો બીઘાં જમીન

૬ એ મૌસમ ભીગા ભીગા હૈ
- છલિયા

૭ લગી આજ સાવન કી ઐસી ઝડી હૈ
- ચાંદની



૮ સાવન કા મહિના પવન કરે શોર
- મિલન

૯ પ્યાર હુવા ઈકરાર હુઆ
- શ્રી૪૨૦

૧૦ રીમઝીમ કે તરાને લે કે આઈ બરસાત
- કાલા બજાર

૧૧ એક લડકી ભીગી ભાગી સી...
- ચલતી કા નામ ગાડી

૧૨ ઓ સજના બરખા બહાર આઈ રસ કી ફુહાર લાઈ...
- પરખ

૧૩ આહા રીમઝીમ કે યે પ્યારે પ્યારે ગીત લીયે
- ઉસને કહા થા

૧૪ અલ્લાહ મેઘ દે... પાની દે... પાની દે...
- ગાઈડ

૧૫ આજ રપટ જાયે તો હમેં ના ઉઠાઈયોં
- નમકહલાલ

૧૬ ભીગી ભીગી રાતોં મેં એસી બરસાતો મેં
- અજનબી

૧૭ હાય હાય યે મજબૂરી... તેરી દો ટકિયા કી નોકરી...
- રોટી કપડા ઔર મકાન

૧૮ દેખો જરા દેખો બરસાત કી લડી હૈ
- યે દિલ્લગી

૧૯ બરસો રે મેઘા...
- ગુરુ

૨૦ ટીપ... ટીપ... બરસા પાની...
- મોહરા

૨૧ મતવાલા જિયા બોલે પિયા...
- મધર ઈન્ડિયા

૨૨ ઘર આજા ઘીર આયે બદરા
- છોટે નવાબ

૨૩ અજહુ ન આયે બાવમા સાવન બીતા જાય
- સાંજ ઔર સવેરા

૨૪ કુછ તો કહાની છોડ જા અપની નિશાની છોડ જા
- દો બીઘાં જમીન

૨૫ બાદલ ક્યૂં ગરજતા હૈ
- બેતાબ

૨૬ મેરે ખ્વાબોં મેં જો આયે
- દિલવાલે દુલ્હનિયાં લે જાયેગે

૨૭ રૂપ તેરા મસ્તાના પ્યાર મેરા દીવાના
- આરાધના

૨૮ બિંદીયા ચમકેલી
- દો રાસ્તે

૨૯ ઘોડે જૈસી ચાલ... હાથી જૈસી દૂમ
- દિલ તો પાગલ હૈ

૩૦ ગોરે રંગ પે ઈતના ગુમાન કર
- રોટી

૩૧ દુઃખ ભરે દિન બીતે રે ભૈયા
- મધર ઈન્ડિયા

- પી. એમ. પરમાર



# સંદીપ તારા જેવા ગણ્યાગાંઠ્યા લોકોને કારણે આ દુનિયા સુંદર છે




સંદીપના લગ્નને હજુ માંડ આઠ દસ દિવસ વિત્યા હશે ત્યાં એક દિવસ અચાનક વહુના પેટમાં દુઃખાવો ઉપડ્યો. દવાખાને લઈ ગયા. ડૉકટર દ્વારા ટેસ્ટ કરાવતાં ખબર પડી કે તેને 'પ્લાસ્ટિક અનીમિયાં'નામનો રોગ છે. ડૉકટરે કહ્યું કે આ રોગમાં દર્દીને લોહી બનતું નથી. અને આના ઉપચાર માટે લગભગ પાંચ લાખ જેટલો ખર્ચ કરવાની જરૂર પડશે. વાત ગંભીર હતી. ઘરમાં ચર્ચા થવા લાગી. સંદીપના પિતાએ કહ્યું, 'પહેલા તો આપણી એટલી હેસિયત જ નથી કે વહુ પાછળ આટલો ખર્ચ કરી શકીએ. બીજું આપણો આમા કંઈ વાંક નથી. દોષ બધો વહુના માં-બાપનો છે તેમણે આપણાંથી આ વાત છુપાવી. હવે આ સમસ્યાનું એક જ સમાધાન છે, છૂટાછેડા...'

માતા એ પણ પિતાની વાતને સમર્થન આપ્યું. 'હાં... આવા નીચ લોકો સાથે આમ જ થવું જોઈએ તો તેમની અક્કલ ઠેકાણે આવશે.'

સંદીપે તો કહી દીધું, 'ના, માં એવું ન થઈ શકે. હું કોઈ પણ સંજોગોમાં વહુને છૂટાછેડા નહીં આપુ. માં-બાપની સજા દીકરીને શું કામ ?'

સંદીપના આ તર્ક અને નિર્ણયથી માતાપિતા દુઃખી થયાં. એટલે સુધી કે ઘર છોડી ગામડે રહેવા જતાં રહ્યા.

સંદીપ એક ખાનગી શાળામાં શિક્ષક હતો. તેણે શાળાના સંચાલક - મંડળ પાસે મદદ માંગી. ન મળી. તેણે મિત્રો અને સગાં-સંબંધીઓને મદદ માટે વિનંતી કરી પણ કોઈ આગળ ન આવ્યું.

ગવે બીજો કોઈ રસ્તો ન હતો. સંદીપે પોતાનું ઘર ગીરવી મુકી દીધું. અને પત્નીને હોસ્પિટલમાં દાખલ કરી દીધી.

સારવાર લાંબી ચાલી. આર્થિક સંકડામણ વધતી ગઈ. નોકરીમાં રજા પણ મળતી ન હતી. હોસ્પિટલ, શાળા અને ઘર વચ્ચે સંદીપ સતત દોડધામ કરતો રહ્યો. પત્નીને ફરીથી લોહી બનવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ. ત્રણ માસ બાદ તે સંપૂર્ણ રીતે સ્વસ્થ થઈ ગઈ.

આજ સંદીપ તેનાં લગ્નની પહેલી વર્ષગાંઠ ઉજવી રહ્યો હતો. બંને ખુબ જ ખુશ હતા. સંદીપની પત્નીએ કહ્યું, 'સંદીપ તારા જેવા ગણ્યાગાંઠ્યા લોકોને કારણે આ દુનિયા સુંદર છે.' કહેતા કહેતાં તેના ગળે ડૂમો ભરાઈ આવ્યો. તેની આંખોમાંથી હર્ષના આંસુ છલકતા હતા. સંદીપ પણ આજ ખુબ ખુશ હતો. તેને કંઈક અવાજ સંભળાયો. અવાજની દિશામાં તેણે જોયું તો એક ચકા અને ચકી એ નવો નવો માળો બનાવેલો હતો. તેમાં બંને એક બીજા સાથે ચાંચ ભરાવી પ્રેમઘેલાં થયેલાં દેખાતાં હતા. સંદીપે તેની પત્ની સામે જોયું તેની નજર પણ પેલા ચકાચકીના માળામાં જ હતી. તે પોતાની જાતને રોકી ન શકી. સંદીપને ભેટી પડતાં રડવા લાગી. તેના આંસુ અટકવાનું નામ લેતાં ન હતા.

# યે આદતેં ભી અજીબ હોતી હૈ




એક અંધારી અને મેઘલી રાત છે. એક પુરુષ અને એક સ્ત્રી એક રેલ્વે સ્ટેશનના વેઈટિંગ રૂમમાં અચાનક ભેગા થઈ જાય છે. એ વેઈટિંગ રૂમમાં બંને એકલા જ છે. બંને એકબીજાને જુવે છે તો ખબર પડે છે કે તેઓ એક સમયે પતિ-પત્ની હતા જેઓ પાંચ વર્ષ પહેલા રાજીખુશીથી એકબીજાથી જુદા થઈ ગયા હતા. જુદા થઈ ગયા પછી લગભગ પાંચ વર્ષ પછી તેઓ પહેલી વાર આમ અચાનક જ રેલ્વે સ્ટેશનના વેઈટિંગ રૂમમાં મળ્યા છે.

પતિ થોડો ભીંજાયેલો છે એટલે બાથરૂમમાં થોડો ફ્રેશ થઈને સિગારેટ પીવા માટે કાઢે છે. પોતાની આદત મુજબ મોમાં સિગારેટ નાખે છે અને સિગારેટ સળગાવવા માટે લાઈટર કે માચીસ શોધવા પોતાના ખિસ્સા ફંફોસે છે અને પોતાની બેગમાં પણ આમતેમ ફાંફાં મારે છે પણ લાઈટર કે માચીસ મળતા નથી. એ સમયે પેલી એક સમયની તેની પત્ની પોતાના પર્સમાંથી માચીસ કાઢીને તેના એક સમયના પતિને સિગારેટ સળગાવવામાં મદદ કરે છે. પત્ની પાસે માચીસ જોઈને પતિને આશ્ચર્ય થાય છે અને ત્યાર પછી બંને વચ્ચે સંવાદ થાય છે;

પતિ ; અરે, અબ ભી માચીસ રખતી હો? પહલે તો મેરે લિયે રાખતી થી ઔર અબ?

પત્ની : અપને લીએ રાખતી હું.

પતિ : મતલબ? સિગારેટ પીના શુરું કર દીયા ક્યા?

પત્ની : નહીં, આપકી ભૂલનેકી આદત નહીં ગઈ, મેરી રખનેકી આદત નહીં ગઈ.

પતિ : આદતેં ભી અજીબ હૈ. સાંસ લેના ભી કૈસી આદત હૈ. જીયે જાના ભી ક્યા રવાયત (પરંપરા) હૈ. જીયે જાતે હૈ, જીયે જાતે હૈ. આદતેં ભી અજીબ હોતી હૈ.

આ દ્રશ્ય રેખા અને નસીરુદ્દીન શાહ અભિનીત અને ગુલઝાર દિગ્દર્શિત ફિલ્મ ઈજાજતનું છે.

બીડી, સિગારેટ, દારૂ, જુગાર જેવા વ્યસસનોની જ આદત આપણને પડતી હોય એવું નથી. આપણને કેટલાક સંબંધોની પણ આદત પડી જતી હોય છે. કેટલાક સંબંધો સાથે તો જીવવાની જ પણ આદત પડી જતી હોય છે તો કેટલાક ખાસ અને અંગત સંબંધો થકી પણ આપણને કેટલીક આદતો પડી જતી હોય છે. જેવી રીતે આપણાં વ્યાસનો જડ અને મજબૂત હોય છી એવી જ રીતે સંબંધો અને તેના થકી પડી જતી કેટલીક આદતો પણ એટલી જ જડ અને મજબૂત હોય છે. કેટલાક સંબંધોની જેમ જ એ સંબંધો જોડે આપણી કેટલીક આદતો એટલી ઘનિષ્ઠ રીતે જોડાઈ જતી હોય છે કે જે રીતે જીવનના કેટલાક સંબંધો સરળતાથી છૂટી શકતા નથી એવી જ રીતે સંબંધો સાથે જોડાઈ ગયેલી એ આદતો પણ સરળતાથી છૂટી શકતી નથી.

આપણાં સંબંધો સાથે જોડાયેલી એ આદતો મોટી, જટિલ કે ખર્ચાળ નથી હોતી. મોટાભાગની એ આદતો નાની નાની અને સરળ જ હોય છે છતાં આપણાં સંબંધો સાથે એ એટલી ઘનિષ્ઠ રીતે જોડાઈ ગયેલી હોય છે કે એ આદતો આપણાં જીવનમાં સંબંધો જેટલી જ મહત્વની બની ગઈ હોય છે. સંબંધો આપણને ગમતા હોય છે, વહાલા લગતા હોય છે એમ જ, એ સંબંધો સાથે જોડાયેલી આદતો પણ આપણને એટલી જ ગમતી હોય છે અને વહાલી લગતી હોય છે.

આપણાં સંબંધો સાથે જોડાયેલી આદતો પણ કેવી હોય છે! કોઈ ગમતી વ્યક્તિને રોજ સવારે, સાંજે કે રાત્રે અભિવાદન કરવાની આદત, કોઈ સાથે રૂબરૂ કે ફોન દ્વારા રોજ કે સમયાંતરે પણ નિયમિત રીતે વાતચીત કરવાની આદત, કોઈ સાથે વિડીયો કોલથી વાત કરીને "દીદાર" કરી લેવાની આદત, કોઈને રોજ તો કોઈને બેચાર દિવસે કે અઠવાડિયે અચૂક મળવાની આદત, કોઈની સાથે રોજ સવારે ચાની કે સાંજે કોફીની ચૂસકીઓ લેવાની આદત, કોઈનાં ટિફિન બોક્સમાં ભાગ પડાવવી આદત કે કોઈની સાથે રોજ ભોજન કરવાની આદત, સિનેમા હાઉસમાં કોઈની સાથે બેસીને ફિલ્મો જોવાની આદત તો કોઈની સાથે વિના કારણ માત્ર રખ્ખડપટ્ટી કરવાની આદત, કોઈની સાથે રોજ બસ કે ટ્રેનમાં મુસાફરી કરવાની આદત તો કોઈની સાથે પગે ચાલીને શાળા, કોલેજ કે ઓફિસ જવાની આદત, શાંત વાતાવરણમાં નદી કે દરિયા કિનારે કોઈની સાથે કલાકો સુધી મૌન બેસી રહેવાની આદત તો કોઈની સાથે કોઈ જ કામકાજ વિના કલાકો સુધી ગપ્પાં મારવાની આદત. સંબંધો થકી આપણે આવી અને આ પ્રકારની ઘણી આદતોના બંધની થઈ જતાં હોઈએ છે જેને આપણે કલ્પના પણ કરી શકતા નથી એટલે જ કદાચ ગુલઝાર સાહેબે ફિલ્મ ઈજાજતમાં કહ્યું હશે કે, "યે આદતેં ભી અજીબ હોતી હૈ"

આ બધી જ કે આ પ્રકારની બીજી આદતો બીજા વ્યસનો જેવી જ હોય છે. ઉદાહર તરીકે કોઈને સિગારેટ પીવાનું વ્યસન હોય અને તેનો સિગારેટ પીવાનો સમય થાય ત્યારે જો સિગારેટ ના મળે તો આપણે અસ્વસ્થ થઈ જતા હોઈએ છીએ એવી જ રીતે સંબંધો થકી થઈ જતી આદતોમાં પણ જો કોઈ જ પ્રકારનો વિક્ષેપ પડે તો આપણું મન અસ્વસ્થ થઈ જતું હોય છે, કદાચ પેલી આદતો કરતાં વધારે અસ્વસ્થ થઈ જઈએ છીએ.

સંબંધીઓ સાથેની આપણી આદત પ્રમાણે આપણાં પ્રિયજનને સાથે રૂબરૂ કે ફોન દ્વારા રોજ કે સમયાંતરે પણ નિયમિત રીતે વાતચીત ના થઈ શકે, તેના "દીદાર" ના થઈ શકે, તેમને મળી ના શકીએ, તેમની સાથે ચાની કે કોફીની ચૂસકીઓ ના લઈ શકીએ, તેમની સાથે ભોજન ના લઈ શકીએ, બસ કે ટ્રેનમાં તેમની સાથે મુસાફરી ના કરી શકીએ કે એવી કોઈ પણ આદત મુજબ પ્રિયજન સાથે રહી ના શકીએ તો તેની આપણને પીડા થતી હોય છે, વેદના થતી હોય છે, હૃદયમાંથી એક ટીસ નીકળી જતી હોય છે.

કોઈકના વ્યસન સહેલાઈથી છૂટી શકતું નથી. સંબંધો થકી પડતી આદતનું પણ એવું જ હોય છે. એકવાર વ્યસન થઈ ગયું એટલે પત્યુ, એ આદતો દિવસે દિવસે વધારે ને વધારે દ્રઢ બનતી જાય છે. એ આદતો આપણાથી વછૂટી શકતી નથી અને એ આદતોથી આપણે પણ વછૂટવા માંગતા હોતા નથી. આવી આદતો થકી જ આપણે એકબીજાની વધી નજદીક આવી શકતા હોઈએ છીએ, એકબીજાને સમજી શકતા હોઈએ છે અને આપણાં સંબંધો વધુ દ્રઢ અને ગાઢ બનતા હોય છે. આવી આદતો થકી જ આપણાં સંબંધો લાંબો સમય ટકી શકતા હોય છે અને લાંબો સમય નિભાવી શકતા હોઈએ છે.

સંબંધો થકી પડેલી એ અજીબ આદતોનું સંવર્ધન કરતાં રહીએ અને સંબંધોને સાચવી રાખીએ.

# ચાલુ કાર્યકારી મૂડીની જરૂરિયાત નક્કી કરતા પરિબળો




વિશ્વની અંદર વસ્તી અને સમસ્યાઓ સતત વધી રહ્યા છે. માણસ પણ ઉપભોક્તાની શ્રેણીમાં છે. જે ઉત્પાદનના ચાર મહત્ત્વના અંગો પૈકી પણ એક છે. અસંખ્ય ચીજ વસ્તુઓ દરેક રાષ્ટ્રમાં ઉત્પાદિત થાય છે અને એ દૃષ્ટિએ ઔદ્યોગિક એકમો સતત કાર્યરત રહેતા જોવા મળે છે. દરેક એકમની આગવી વિશેષતા હોય છે. વસ્તી વૃદ્ધિથી માંગરેખા સતત ઉર્ધ્વગામી રહ્યા કરે છે જે અર્થતંત્રને ચેતનવંતુ રાખે છે. ડિમાંડ ઘટે તો મંદીની શરુઆત થઈ જાય છે. ચીજ વસ્તુઓના ઉત્પાદનમાં અનેક પરિબળો કામ કરે છે. વસ્તુની જરૂરિયાત, તેની ઉપયોગિયા, તે માટેનો કાચો માલ, વાહન વ્યવહારની સુવિધા, પાણી, વીજળી, શ્રમિકોની સરળ પ્રાપ્તિ નિયોજક વગેરે સાથે મળીને કોઈક ઉત્પાદકીય પ્રવૃત્તિ આવે છે. આ આ બધી પ્રવૃત્તિમાં વેપાર કે ઉત્પાદક માટે આર્થિક જરૂરિયાત સૌથી મહત્ત્વની કડી છે. દરેક પ્રવૃત્તિઓ દિનરાત ધમધમે છે. કોઈ પણ એકમ ઉત્પાદન કરે કે વેચાણ કરે ત્યારે ત્યાં નાણાંની આવશ્યકતા અવશ્ય ઉભી થાય છે. પૈસા વિના કોઈ પ્રવૃત્તિ હવે શક્ય રહી નથી.

ચાલુ કાર્યકારી મૂડીની જરૂરિયાત એટલે વર્કિંગ કેપિટલ રિકવાયરમેન્ટ બીજા શબ્દોમાં કહીએ તો એકમ ઉત્પાદન કર્તા એકમ હોય તો તમામ પ્રકારનો કાચો માલ (All kind of Raw Materials) અર્ધ તૈયાર માલ (Stock in Process) ઉત્પાદન પ્રક્રિયામાં પડેલો માલ અને પૂર્ણ વેચાણ લાયક માલ (Finished Goods) ઉપરાંત ઉઘરાણીની રકમ (Receivebles Or Book Debts.) આ બધા સ્ટોકની જે રકમ રોકવાની થતી હોય તેમાં સ્વયંના નાણા ઓછા એટલે કે ઘટ પડે તે બેંક WC ધિરાણ દ્વારા પુરા પાડતી હોય છે.

કુલ સ્ટોક અને ઉઘરાણીની રકમમાંથી જે બજારમાંથી શાખ-ક્રેડિટ ઉપર માલ પ્રાપ્ત થાય તેની કિંમત બાદ કર્યા બાદ નિર્ધારિત માર્જિન (સ્વહિસ્સો - Margin) કાઢતા જે રકમ આવે તે જ એ એકમનો ડ્રોઈંગ પાવર માનવામાં આવતો હોય છે. ઘણી વખત ચાલુ મૂડીની જરૂરિયાત ઉત્પાદન્ન પ્રક્રિયા કે પ્રોડક્ટની ગુણવત્તા કે ખાસિયત ઉપર આધાર રાખે છે. અમુક માલ જથ્થામાં (Bulk) જ લેવો પડતો હોય છે કે વિદેશથી નિર્ધારિત કન્ટેનર્સમાં જ ઉપલબ્ધ હોય છે ત્યારે તેમાં ખરીદનારની મરજી ચાલતી નથી. કોઈક વાર સિઝન પ્રમાણે માલ મળતો હોય તો પૂરતો સ્ટોક ખરીદવાની ફરજ પડતી હોય છે. આ પ્રમાણે કયા પ્રકારનું ઉત્પાદન યુનિટ કરે છે તેની ઉપર માલનું રોકાણ અવલંબતું હોય છે. બીજા મુદ્દામાં ઉત્પાદન્ન પ્રક્રિયા લાંબી હોય (Stock in Process) તો આ તબક્કામાં જે રોકાણ કરવાનું હોય તે વધતું હોય છે.

મોટા મશીન્સના ઉત્પાદનમાં એકમ કાર્યરત હોય તો આ પ્રકારના માલ સ્ટોકમાં જંગી રકમની જરૂરિયાત પડે છે. કાચો, માલ, પ્રક્રિયામાં પડેલો માલ, અર્ધ તૈયાર અને ફાઈનલ પ્રોડક્ટસ - આ બધા જ માલની રકમ એટલે થયુ કુલ ઈન્વેન્ટરી હોલ્ડીંગ Total against - Books Debts) કહેવામાં આવે છે. ઉપરાંત બજારના પરિબળો, સ્પર્ધા - પ્રવર્તમાન નીતિઓ મુજબ એકમે ઉધાર, વેચાણ પણ કરવું પડે છે અમુક રકમ તેમાં રોકાયેલી જ રહે છે. જેની સામે જનરલ ઓવર ડ્રાફ્ટ (OD Against Book Debts) બેંકો માર્જિન રાખીને મંજૂર કરતી હોય છે ચાલુ કાર્યકારી મૂડીની જે જરૂરિયાત નક્કી થાય છે તેમાં મહદંશે નીચેના પરિબળો ને ધ્યાનમાં લેવા જ પડે છે જેમ કે -

(૧) તમામ પ્રકારના માલ સ્ટોકની રકમ અને મુદત છેલ્લા ૩ કે વધુ વર્ષના ઓડીટેડ આંકડાઓને માસ પ્રમાણે ગણતા તેની પેટર્નમાં શો તફાવત છે તેનો ખ્યાલ આવે છે માલની પ્રાપ્તિ માટેની પૂર્વ શરતો, તેનો પ્રકાર, બજાર વગેરે ધ્યાનમાં લેવા પડતા હોય છે. (૨) ક્રેડિટ સેલનું લેવલ - આ અંગે બજારની રૂખ, ઉત્પાદનમાં રોકાયેલા એકમો, એકમની પોતાની ક્ષમતા વગેરે અગત્યનાં નિર્ણાયક પરિબળો છે.

(૩) યુનિટને બજારમાંથી ક્રેડીટ ઉપર મળતાં માલનું પ્રમાણ અને તેની અવધિ. આ મુદ્દો મહત્ત્વનો એટલા માટે છે કે જેમ વધુ ઉદાર મળે તેમ પોતાના નાણાં કે બેંકની લોન ઘટે છે. ચાલુ મિલ્કતો (કરન્ટ એસેટસ્)માંથી ચાલુ જવાબદારીઓ (કરન્ટ લાયેબિલિટીઝ) બાદ કરતા ચાલુ મૂડીની કેટલી ઘટ છે. (W.C Gap) નો ખ્યાલ આવે છે તેમાથી બેંક લોન (કેશ ક્રેડીટ) કાઢી લેતા જે રકમ વધે છે. તે એકમનું પોતાનું રોકાણ (N.W.C.) કે સ્ટેટ ગણાય છે! ચાલુ કાર્યકારી મૂડીનું રોકાણ એટલે કરન્ટ એસેટ્સ માટેનું થતું રોકાણ બેંકો મોટા ભાગે જૂનો ભૂતકાળ (Past Track records) તપાસે છે અને ચાલુ વર્ષના વેચાણને ધ્યાનમાં લે છે. કારણ કે વેચાણમાં વૃદ્ધિ સાકાર કરવાની નેમ W.C. ધિરાણમાં બહુ મહત્ત્વની છે. જો વેચાણ વધે નહીં તો આ પ્રકારના ધિકારની પણ જરૂર પડે નહીં. વેપાર કે ઉત્પાદક કંપની વેચાણનો વાર્ષિક અંદાજ આપે તે ભૂતકાળની તરાહ મુજબ હોવો જોઈએ આ ઉપરાંત અંદાજ સામે અત્યાર સુધીમાં કેટલું વેચાણ થયું તે આંકડા મહત્ત્વના હોય છે. ઉઘરાણીમાં બહુ જ જૂની અથવા શકમંદ હોય તે ધ્યાનમાં લેવાતી નથી. કેટલાક ગુણોત્તર પણ તપાસવામાં આવે છે જેમ કે એકમની પ્રવાહિતતા (કરન્ટ રેશિયો) મૂડીનો ગુણોત્તર (ડેટ ઈક્વીટી રેશિયો). નોન કરન્ટ એસેટસ્‌ને ધ્યાનમાં લેવાતી નથી. સરકારની નીતિ, રિઝર્વ બેન્કની નીતિ બજારની હાલત અને બેંકની ધિરાણનીતિને નજર સામે રાખીને આ પ્રકારનું ધિરાણ બેંકો કરતી હોય છે. ઉત્પાદકીય કે વેપારી એકમો સ્ટોકપત્રક આપવામાં સચ્ચાઈ અને પ્રામાણિકતા જાળવે એ ખૂબ જરૂરી હોય છે. બેંક સાથેનો સંબંધ કાનૂનન છતા વિશ્વાસથી વધુ ટકી રહેતો હોય છે. આવું ધિરાણ ટૂંકા ગાળાનું હોવાથી વર્ષે રિન્યુ કરવું પડે છે.

**શેર આસ્વાદ :**
**નિર્ધન ગીરે પહાડ સે કોઈના પૂછે હાલ,**
**કરોડપતિ કો કાંટા લગે તો પૂછે લોગ હજાર.**